# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | OCTOBER 2023 | NO: 08


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો
પ્રભુની સ્તુતિ થાઓ!!

**નીતિવચનો ૨૪:૧-૧૦**

૧. દુષ્ટ માણસોની અદેખાઈ ન કર, અને તેમની સાથે રહેવાની ઈચ્છા ન કર.

૨. કેમ કે તેમનું હૃદય જુલમ કરવાને સંકલ્પવિકલ્પ કર્યા કરે છે, અને તેમના હોઠ ઉપદ્રવની વાત કરે છે.

૩. જ્ઞાન વડે ઘર બંધાય છે; બુદ્ધિ વડે તે સ્થિર થાય છે.

૪. અને વિદ્યા વડે સર્વ મૂલ્યવાન તથા સુખદાયક દ્રવ્યથી ઓરડાઓ ભરપૂર થાય છે.

૫. જ્ઞાની માણસ સમર્થ છે; હા, વિદ્વાન માણસ પોતાની શક્તિ વધારે છે.

૬. કારણ કે ચતૂર માણસની સલાહ પ્રમાણે તું યુદ્ધ કરશે; અને વધારે સલાહકારીઓમાં સલામતી છે.

૭. જ્ઞાન એ મૂર્ખની શક્તિ ઉપરાંત છે; તે પોતાનું મોઢું ભાગળમાં ઉઘાડતો નથી.

૮. જે ભૂંડું કરવાને યુક્તિઓ રચે છે, તેને લોકો હાનિકારક પૂરુષ કહેશે.

૯. મૂર્ખનો વિચાર પાપી હોય છે; અને તિરસ્કાર કરનાર માણસથી લોકો કંટાળે છે.

૧૦. જો તું સંકટને દિવસે નાહિમ્મત થઈ જાય, તો તારું બળ થોડું જ છે.

## તમને નોંધપાત્ર કાર્યો કરવા માટે દૈવી રીતે તેડવામાં આવ્યા છે.

You are divinely summoned to accomplish extra-ordinary deeds!



**પાળક એન્જેલાઈન સેલ્વાકુમારી**

દાનિયેલ ૧૧:૩૨ આપણને યાદ અપાવે છે કે ઈશ્વરે આપણને સામાન્ય જીવન જીવવા  માટે તેડ્યા નથી કે તે માટે આપણું સર્જન કર્યુ નથી.

**"...પણ પોતાના દેવને ઓળખનારા લોકો બળવાન થશે, ને પરાક્રમી કામો કરશે."** (દાનિયેલ ૧૧:૩૨)

તેઓ ઈચ્છે છે કે તેમના લોકો આત્મિક રીતે પરીપક્વ થાય, તેમના પગલા લઈને તેમનું સામર્થ્ય (વિશ્વાસ) પ્રદર્શિત કરે - કોઈપણ પડકારજનક પરિસ્થિતિનો પ્રતિકાર કરતા કે હિમ્મતભેર તેવો સામનો કરતા.

ઈસુ જાણતા હતા કે અસાધરણ વિશ્વાસ મેળવવો તે સાધારણ બાબતોથી શક્ય નથી અને તેથી જ તેમણે આપણને પવિત્ર આત્માની ખાતરી આપી છે, જે આપણને આપણા સામર્થ્યને (વિશ્વાસને) પ્રદર્શિત કરવાની શક્તિ આપશે.

પ્રેરિતોનાં કૃત્યો ૧:૮ કહે છે, **"પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે**

(અનુસંધાન પાન ૪ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૫.૦૦ વાગે


તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



REACHING NATIONS



**ઈશ્વર એક વાર બોલ્યો છે. આ વાત મેં બે વાર સાંભળી છે કે, સામર્થ્ય ઈશ્વરનું જ છે**

ગીતશાસ્ત્ર ૬૨:૧૧



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

**CHIEF EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**

Bro. N. Prakasam, M.A., General Manager
Dr. Rabinder Boaz, M.S.
Bro. K. Puratchivendan

**EDITORIAL BOARD**

Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં તમને સલામ કહીએ છીએ.



Dr. A. Richard Samuel

અમે દુઃખ સાથે જણાવીએ છીએ કે અમારા વહાલા ભાઈ, ડો. એ. રીચાર્ડ સેમ્યુએલ, M.A. Ph.D તથા **ઈકો ઓફ હીજ કોલ**ના અંગ્રેજી ભાષાના સહસંપાદક તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પ્રભુમાં ઊંઘી ગયા છે. તેઓ તેમના લખાણો, ઉપદેશો તથા સલાહકાર તરીકે અમારી સાથે લાંબા સમયથી સેવાકાર્યમાં જોડાયેલા હતા. કૃપા કરીને તેમના કુટુંબના આ દુઃખદ સમય દરમિયાન તેમની પત્નિ, બાળકો અને પૌત્રો માટે પ્રાર્થના કરશો.

૨ તિમોથીને પત્ર ૪:૨ પ્રમાણે, જે કહે છે, **"...તું સુવાર્તા પ્રગટ કર; અનુકુળ તથા પ્રતિકુળ પ્રસંગે તત્પર રહે..."** અમે ઈશ્વરના વચનનો વિવિધ રીતોએ ઉપદેશ આપવા માટે મહેનત કરી રહ્યા છીએઃ

- ☛ વિવિધ ભાષાઓમાં ચર્ચની ભજનસેવાઓ ભરીને.
- ☛ **ઈકો ઓફ હીજ કોલ** સમાચારપત્ર ૧૬ ભાષાઓમાં પ્રકાશિત કરીને.
- ☛ પત્રવ્યવહાર બાઈબલ અભ્યાસક્રમોની (**બાઈબલકોર**) ત્રણ ભાષાઓમાં રજૂઆત કરીને તામિલ, અંગ્રેજી તતા હિન્દીમાં.
- ☛ **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** આંતર શિક્ષણ મારફત તામિલ અને અંગ્રેજીમાં રજૂઆત કરીને.
- ☛ ત્રણ બાઈબલ કોલેજોનું સંચાલન કરીને : **નહેમ્યા બાઈબલ કોલેજ** (નિવાસી તથા સાંધ્ય) હિન્દી તથા તામિલમાં.
- ☛ **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** (ગ્રામ્ય ઉચ્ચ/માધ્યામિક શાળા) જ્યાં વિષયો અંગ્રેજીમાં શીખવવામાં આવે છે.
- ☛ આધુનિક ઓફસેટ છાપખાનુ ચલાવીને, જે ૧૬ ભાષાઓમાં ઉચ્ચ ઝડપથી છાપવાનું કાર્ય કરે છે.
- ☛ ગરીબો માટે સામાજીક ઉત્થાનનો કાર્યક્રમ ચલાવીને.
- ☛ વિવિધ ભાષાઓમાં ક્રૂસેડો ચલાવીને.
- ☛ **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલનું સંચાલન કરીને.

જ્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની પ્રેમાળ સુવાર્તાનો બોધ તામિલ, અંગ્રેજી, તેલગુ તથા હિન્દીમાં આપવામાં આવે છે.

અમને સકારાત્મક પરિણામો મળી રહ્યા છે ને તે માટે અમે સર્વશક્તિમાન ઈશ્વરનો તેમની કૃપા માટે મહિમા કરીએ છીએ. અમે જેઓ અમને અમારી મિનિસ્ટીમાં સહકાર્ય કરી રહ્યા છીએ, તેમના પ્રત્યે પણ અમારી કૃતજ્ઞતા દર્શાવીએ છીએ.

**Our Ministries:** ☼ ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ☼ BIBLECOR - Postal Courses (3 languages) ☼ Media Ministry ☼ Online Courses ☼ Theological Correspondence Courses (2 languages) ☼ Church Planting ☼ Nehemiah Bible Colleges ☼ Gospel Printing Press ☼ Great Commission Partners ☼ St. Paul's Matriculation School ☼ Crusades ☼ Community Development

## યૂટ્યૂબ મિનિસ્ટ્રીનો ફેલાવો, વૃધ્ધિ!

ભૂતકાળમાં, ત્યાં આત્મિક જગતમાં એવી માન્યતા હતી કે, આપણે આધુનિક તકનીકી સાધનોનો, જેવી કે ટેલીવિજન, ઈન્ટેરનેટ, મોબાઈલ ફોન અને યૂટ્યુબ વગેરેનો વપરાશ ટાળવો જોઈએ. અમે પણ એવો જ વિચાર ધરાવતા હતા. જો કે, તાજેતરના સમયોમાં, સામાન્ય લોકોએ તેમની નિર્ભરતા પારંપારિક સમાચાર માધ્યમા પરથી, જેવી કે સમાચારપત્રો, રેડિયો અને પુસ્તકો પરથી ઓછી કરી નાખી છે. તેઓ વ્યક્તિગત રીતે પણ આત્મિક સભાઓમાં ઓછી હાજરી આપે છે, પણ કેટલાક ઓનલાઈન આત્મિક ભજનસેવાઓમાં ભાગ લે છે.

### મોબાઈલ કે સેલફોન

કોઈપણ ઉમરના લોકો, બાળકોથી માંડીને મોટા સુધી અને વડીલો, તેમની નાણાકીય સ્થિતિ કંઈ પણ હોય, તો પણ, હવે એક કે વધુ મોબાઈલ ફોન ધરાવે છે. દરેક મોબાઈલ ફોનમાં ઘણીવાર વધુ સીમ કાર્ડો હોય છે. દુનિયાભરમાં, ત્યાં આવા લાખો મોબાઈલ ઉપકરણો વપરાશમાં છે.

હજારો લોકો સુધી એક સાથે એક જ સમયે પહોંચવા માટે આપણે આ મોબાઈલ ફોન વાપરીએ છે, જે પહેલા આત્મિક વ્યક્તિઓની પસંદગી નહોતી. જો કે, ત્યાં તેના વપરાશના નકારાત્મક પરિણામો પણ જોડાયેલા છે. ત્યાં અમે આધુનિક વસ્તીઓ સુધી સુવાર્તાના સંદેશાને પહોંચાડવા માટે સેલ ફોનને કામમાં લીધા છે.

જ્યારે લોકો સેલ ફોનનો ઉપયોગ દુનિયાના સમાચારો અને વિવિધ મનોરંજન કાર્યક્રમોને જોવા માટે કરે છે, ત્યારે તેઓને સુવાર્તાના સંદેશાઓ સાંભળવાની પણ તક મળે છે. શરૂઆતનાં દિવસોમાં આપણને પ્રભુના સંદેશાઓનો ઉપદેશ ૧૫ મિનિટો સુધી ટેલિવિજન પર સિનેમાઓ, નાટકો અને દુનિયાના સમાચારોની વચ્ચે આપવામાં આવતા હતા. આ પ્રયોસોથી આપણને સકારાત્મક પરિણામો મળ્યા હતા, જેને લીધે, ઘણી આત્મિક ચેનલો ઉભરી આવી છે. તે નકારી શકાય તેમ નથી કે આ પ્રગતિને કારણે આપણને લાભ થયો છે.

જો કે સેલફોન જોખમી ઉપકરણો બની શકે છે, અને અમારી **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલને બનાવ્યું છે, એ હેતુ સાથે કે જે લોકો શાશ્વત નાશ તરફ ધકેલાઈ રહ્યા છે અને જેઓ આત્મહત્યાઓના નિર્ણયો લે છે, તેવા લોકોને ઈસુ ખ્રિસ્તના સામર્થ્યને વહેંચીને તેમને બચાવી શકાય. અમે દરરોજ સવારે એક નાનો પાંચ મિનિટનો સંદેશો તામિલ, અંગ્રેજી, હિન્દી અને તેલગુ ભાષામાં પ્રસારિત કરીએ છીએ, આ દુનિયાનાં લોકોનો ઉધ્ધાર થાય તે ઉદ્દેશ સાથે. લાખો લોકો દુન્યવી બાબતોમાં વ્યસ્ત રહેવા માટે તેમના સેલફોનનો ઉપયોગ તેમને ખ્રિસ્ત વિના જીવન જીવવાના પરિણામોથી બચાવવા માટે કરી શકાય છે. તેથી, અમે આ તકનીકી દ્વારા આવા લોકોની સેવા કરીએ છીએ અને દુનિયાભરમાંથી વ્યક્તિગત રીતે દરેક લોક, આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તની પ્રેમાળ કાળજીમાં આશ્વાસન મેળવતા દરેક સમાજના લોકો આનો લાભ મેળવી રહ્યા છે.

### અહિં અમે કેટલીક સાક્ષીઓ પ્રકાશિત કરીએ છીએ :

*''હું આત્મિક રીતે થાકેલો અને નિરાશા અનુભવી રહ્યો હતો. તમારા સંદેશાએ મને દિલાસો આપ્યો છે અને મને ઊંચકી લીધો છે.*

*''જીવનમાં ઘણી બધી વિપતિઓને લીધે, હું વધુ જીવવા માગતો નહતો. તમારા યૂટ્યૂબ ચેનલ પરની તમારી પ્રાર્થનાઓએ મારી જીવવાની ઈચ્છાને સામર્થ્યવાન કરી છે.''*

*''હું માંદો અને પથારીવશ હતો. તમારી યૂટ્યૂબ ચેનલ પર વહેંચાએલી સાક્ષીએ મને સાજાપણું આપ્યું છે.''*

*''કુટુંબ તરીકે, અમે તમારા સંદેશાઓ સાંભળીએ છીએ અને તમારી પ્રાર્થનાઓમાં જોડાઈએ છીએ. અમે અમારા કુટુંબમાં સંગત અને સાજાપણું અનુભવીએ છીએ.*

*''હું ઈશ્વરનો એક નિવૃત્ત થયેલો સેવક છું. તમારી યૂટ્યૂબ ચેનલે મને ઘણું કાર્ય આપ્યું છે. હું તમારા સઘળા સંદેશાઓ તામિલમાં, અંગ્રેજીમાં તથા હિન્દીમાં જોઉં છું અને હું પછી તે આગળ મોકલું છું, અને જે ગ્રુપમાં હું સામેલ છું, તેમાં તેમને વહેંચું છું. આ મારું પૂર્ણ સમયનું કામ થઈ ગયુ છે. આ ઘણી સારી મિનિસ્ટ્રી છે અને તમારા સંદેશાઓ ખરેખર આશીર્વાદરૂપ છે, જે દુનિયાભરના લાખો લોકોના જીવનોને બચાવે છે. આ કાર્ય કરવાનું ચાલુ રાખશો. તમારા સેવાકાર્યના આ ૫૫ વર્ષો દરમિયાન તમારી મહેનતની કદર કરવામાં હું નિષ્ફળ નહિ રહી શકુ કારણ કે હું તમને છેલ્લા ૫૦ વર્ષોથી ઓળખું છું.''*

*''જ્યારથી અમે તમારા સંદેશાઓ તમારી યૂટ્યૂબ ચેનલ પર દરરોજ સવારે સાંભળવાનું શરૂ કર્યુ છે, ત્યારથી અમે અમારી મંડળીની ભજનસેવાઓમાં નિયમિતપણે હાજરી આપી રહ્યા છીએ અને આત્મામાં તથા સત્યતામાં આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ભજન કરી રહ્યા છીએ. તમારા યૂટ્યૂબ સંદેશાઓ સાંભળ્યા પછી કોઈ પણ કાર્ય શરૂ કરતા પહેલા મેં મારી વ્યક્તિગત પ્રાર્થના તથા કૌટુંબિક પ્રાર્થના કરવાનું ચાલુ કર્યુ છે.''*

અમને આવા અસંખ્ય પ્રતિભાવો વ્યક્તિગત રીતે મળ્યા છે, જેઓએ આવી જ અસરનો અનુભવ કર્યો છે. તેથી જ અમે આ યૂટ્યૂબ ચેનલ ચાલુ કરી છે. કૃપા કરીને પ્રાર્થના કરશો કે ઈશ્વરની ઈચ્છા પૂર્ણ થાય.

અમે આ સાક્ષીઓ માટે આભારી છીએ અને આનંદિત છીએ કે અમારી મિનિસ્ટ્રીએ વિશ્વભરમાં વ્યક્તિઓ ઉપર કેવી અસર પેદા કરી છે.

જો તમે રસ ધરાવતા હો, તો કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલને સબસ્ક્રાઈબ કરશો, આ સેલફોન નંબરનો ઉપયોગ કરીને - +૯૧-૯૮૪૧૦૭૧૮૫૮. તમે મને વોટસઅપ અને સેલફોન નં. +૯૧-૯૮૪૧૨૭૧૮૫૮ પર મારી સાથે વ્યક્તિગત રીતે સંપર્ક કરી શકો છો.

કૃપા કરીને આ બે નંબરો તમારા સેલફોનમાં સેવ કરી રાખશો. કેમ કે અમે તમારી સાથે વ્યક્તિગત સંગત રાખવા માગીએ છીએ. અમે કૃપાળુ રીતે તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ, એ લોકો માટે જેઓ આ મિનિસ્ટ્રીમાં પ્રમાણિક રીતે કામ કરી રહ્યા છે.

વધુમાં, અમે તમારા સલાહ સૂચનોને તથા તમારા સહકાર્યને આવકારીએ છીએ. આ મિનિસ્ટ્રીને વધુ સારી રીતે સુધારવા માટે અને આગળ વધવામાં તમારા વધુ પ્રોત્સાહન માટે.

અમે ઘણી આત્મિક લડાઈઓનો સામનો કરી રહ્યા છીએ અને ઘણા ઈશ્વરના સેવકો જેઓ અમારી સાથે કામ કરે છે તેઓ તેમના શરીરોમાં ઘણા પ્રકારની નબળાઈઓથી પીડાઈ રહ્યા છે. અમે તમારા રક્ષણ માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. ઈશ્વરની કૃપા તમ સર્વની સાથે રહો આમીન!

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,

E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧થી આગળ...)

**સામર્થ્ય પામશો; અને યરૂશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો.''** જો આપણે પ્રભુ ઈસુના શિષ્યોના જીવનો તપાસીઓ તો, આપણે તેમનામાં પવિત્ર આત્માનો અનુભવ કર્યા તે પહેલા અને પછીના નોંધપાત્ર તફાવતને જોઈ શકીએ છીએ. પિતર કે જેણે થોડા લોકો આગળ ઈસુનો ત્રણ વાર નકાર કર્યો હતો, તે હજારો લોકોની આગળ નીડરતાથી શુભ સુવાર્તાનો પ્રચાર કરી શક્યો હતો. તેનામાં આ હિમ્મત ક્યાંથી આવી હતી? તે તો તેની અંદર કાર્ય કરતા પવિત્ર આત્માનું સામર્થ્ય હતું.

**વિશ્વાસ જે કાર્ય કરે છે!**

પ્રેરીતોનાં કૃત્યોનો ૩જો અધ્યાય આબેહુબ પવિત્ર આત્માના સામર્થ્યથી બદલાણના કાર્યને પ્રસ્તુત કરે છે અને બતાવે છે કે તે એક સામાન્ય વ્યક્તિને તેમનામાંના વિશ્વાસ દ્વારા કેવી રીતે અસાધારણ વ્યક્તિમાં બદલી શકે છે. તે આપણને ઉદાહરણ આપે છે કે જ્યારે આપણે કાર્યમાં વિશ્વાસ મૂકીએ છીએ ત્યારે શું થાય છે. આ નોંધ શિષ્યો પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યા પછી જે પહેલો ચમત્કાર કરે છે, તેઓ અહેવાલ આપે છે.

## પ્રેરિતોનાં કૃત્યો અધ્યાય ૩
## પિતર તથા યોહાન

### આવો આપણે આ ફકરામાં શોધીએ :

તે ચોક્કસ પિતર, યોહાન અને લંગડા માણસ માટે એક રોજિંદો સાધારણ દિવસ હોવો જોઈએ - આપણી સમજના હેતુ માટે, આવો આપણે લંગડા માણસને ટોમ તરીકે નામ આપીએ.

એ ત્રણે જણાએ ચોક્કસ તેમના રાબેતા મૂજબના કામો કર્યા હશે. પિતર તથા યોહાન પ્રભુનું ભજન કરવા મંદિરમાં જતા હતા, જ્યારે ટોમ તેની આવક મેળવવાના કામ માટે નીકળ્યો હતો. તેઓમાંથી કોઈ જાણતું નહતું કે તે દિવસને માટે ઈશ્વરે શું યોજના ઘડી હતી. હું નથી વિચારતી કે તેમને લાગ્યુ હશે નહિ કે તે એક બદલનારો દિવસ બની જવાનો હતો.

### વાર્તાની પૃષ્ઠભૂમિકા:

રોજના પ્રમાણે, પિતર તથા યોહાન ઈશ્વરના મંદિરમાં જતા હતા. તે એક દિવસે, તેમનો ભેટો ટોમ સાથે થઈ ગયો, જે મંદિરના દરવાજા પાસે બેઠો હતો, જેથી ત્યાં રોજના આવજા કરનારા લોકો પાસેથી તે ભીખ માગી શકે. ટોમ તેના જન્મથી જ ચાલી શકતો ન હતો અને તે લગભગ ૪૦ વર્ષની વયનો હતો. તે ચોક્કસ જાણીતો માણસ હોવો જોઈએ અને ત્યાંના આસપાસના યહૂદીઓ તેને જાણતા હોવા જોઈએ. સેંકડો માણસો રોજ મંદિરમાં આવજા કરતા હશે, આ માણસ તરફ જોતા કદાચ કોઈ તેને પૈસા આપતા હશે અને કોઈ તેની અવગણના કરતા હશે.

દુઃખની વાત એ છે કે આ માણસે તેના જીવનના ચાર દસકા, મંદિરની બહાર બેસીને વીતાવ્યા હતા. જો તમારે તેને પૂછવું હોય, તો કદાચ તે મંદિરના સઘળી પ્રથાઓ અને રીતરીવાજો વિશે કહી શકતો હશે, જે લોકો મંદિરમાં આવતા હશે, તેઓના નામો અને કુટુંબોની માહિતીઓ પણ. તે ચોક્કસ મંડળીના સર્વ આગેવાનોને જાણતો હોવો જોઈએ અને તેને મંદિરમાં ગવાતા સર્વ સ્તોત્રો, ગીતો ગાતા આવડતા હોવા જોઈએ કેમ કે તે ચાર દસકાઓથી તે સાંભળતો આવ્યો હશે. તેણે ચોક્કસ ઘણા બધા ઉપદેશો સાંભળ્યા હશે, તોપણ તે હજી પણ મંડળીની બહાર બેઠો હતો. ત્યાં તેને મંડળીની કે મંદિરની અંદર લઈ જવા કોઈ નહોતું.

શું તે પરીચિત લાગે છે? આપણામાંના કેટલાક જણા આવા છે. આપણે જાણીએ છીએ કે ઈશ્વર કોણ છે, આપણે તેમના ચમત્કારીક કાર્યો વિશે સાંભળ્યું છે, તેમના પરાક્રમી સામર્થ્ય વિશે અને આપણે ઘણા બધા સંદેશાઓ સાંભળ્યા છે અને ઘણા બધા ગીતો ગાયા છે. પણ તેમ છતાં, આપણે હજુ પણ તેમની હજૂરમાંથી બહાર ઊભા છીએ, ઈશ્વરની સાથેના તે વ્યક્તિગત સામનો કર્યા વગરના. આપણામાંના કેટલાક આપણી પાછલી મહાનતા વિશે ગાઈએ છીએ. અમે આવા હતા, અમે તેવા હતા, પણ હવે શું? તમારું ખ્રિસ્તની સાથે ચાલવું ક્યાં છે? શું તમે તેમની હજૂરમાંથી અંદર છો કે બહાર છો?

ત્યા ટોમને મંદિરની અંદર લઈ જવા કોઈ નહોતું. જો તમે કોઈ ઈશ્વરની હજૂરમાંથી બહાર બેઠેલામાંના હો, દૂર દૂર, તો આ સંદેશો કદાચ તમને ઈશ્વરની હાજરીની પાસે લાવી શકે છે.

અચાનક તે દિવસે, જ્યારે ટોમ પૈસા માટે ભીખ માગી રહ્યો હતો જે તે દરરોજ

(આગળ પાન ૬ પર...)


# नहेम्याह बाइबल कॉलेज
## रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यमः हिन्दी

*सदस्यता के लिए पंजीकृत उम्मीदवार* - ATA

REACHING NATIONS

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 54 वर्षों से सेवारत वरिष्ठ पासवान

Diploma in Ministry : One year
Diploma in Theology : Two years
Bachelor of Theology : Three years

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓક્ટોબર ૨૦૨૩ થી ૧૮ નવેમ્બર ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ઓક્ટોબર:** ૧૯૬૯ થી અમારી સામયિક મિનિસ્ટ્રીમાં અમારી પ્રતિબધ્ધતા પરના તેમના આશીર્વાદો માટે.

**૨૦ ઓક્ટોબર:** અમારી સામયિક મિનિસ્ટ્રી મારફતે વણખેડાયેલા જૂથો સુધી સુવાર્તાનો ફેલાવો કરવાના તેમના આશીર્વાદો માટે.

**૨૧ ઓક્ટોબર:** અમારા વાર્ષિક ૫૫મા વર્ષના પરિષદને ભરાવવામાં ચિન્હિત કરવામાં સહાય કરવા માટે.

**૨૨ ઓક્ટોબર:** અમારી પાછલા મહિનાની **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ની પ્રવૃતિઓ માટે.

**૨૩ ઓક્ટોબર:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહાર મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે.

**૨૪ ઓક્ટોબર:** અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૨૫ ઓક્ટોબર:** અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો**ના વિકાસને માટે.

**૨૬ ઓક્ટોબર:** અમારા સહસંપાદકો અને તેમના કુટુંબો પરના આશીર્વાદો માટે.

**૨૭ ઓક્ટોબર:** અમારા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી**ના કર્મચારીઓ અને તેમના કુટુંબોની સુરક્ષા માટે.

**૨૮ ઓક્ટોબર:** વડીલ પાળકની બહુવિધ મિનિસ્ટ્રીજની મારફતે સુવાર્તાના ફેલાવાની પ્રતિબધ્ધતા માટે.

**૨૯ ઓક્ટોબર:** આપણા દેશની સલામતી માટે.

**૩૦ ઓક્ટોબર:** બીજી મિનિસ્ટ્રીઓને અને સહાય કરી શકીએ છે તે માટે.

**૩૧ ઓક્ટોબર:** અમારા સર્મથકો માટે અને અમારી મિનિસ્ટ્રીમાં તેમના સહભાગ માટે.

**૦૧ નવેમ્બર :** અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ની સર્વ પ્રવૃતિઓ માટે.

**૦૨ નવેમ્બર :** દુનિયાભરમાં અને ખ્રિસ્તી સાહીત્યના છાપકામમાં સામેલ લોકોની જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૦૩ નવેમ્બર :** અમારા વડીલ પાળક એસ.સામ. સેલ્વરાજ અને તેમના કુટુંબને દૈવી સલામતી અને સારી તંદુરસ્તીના આશીર્વાદ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ નવેમ્બર :** અમારા નિવાસી અને સાંધ્ય કોલેજના વિદ્યાર્થીઓની શિસ્ત અને સર્મપિતતા માટે.

**૦૫ નવેમ્બર :** **ઈકો ઓફ હીજ કોલ**ના વિશ્વાસીઓના અને તેમના કુટુંબોના કલ્યાણ માટે, જેઓ મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો સાથે જોડાયેલા છે.

**૦૬ નવેમ્બર :** માદક દ્રવ્યોના વ્યસનથી બાળકો અને જુવાનોના રક્ષણ માટે.

**૦૭ નવેમ્બર :** અમારા સહસંપાદકો અને તેમના કુટુંબોના રક્ષણ અને સારી તંદુરસ્તી માટે.

**૦૮ નવેમ્બર :** અમારી સંસ્થા, સર્વ કર્મચારીઓ અને તેમના કુટુંબોના આશીર્વાદો માટે.

**૦૯ નવેમ્બર :** અમારા વડીલ પાળકને તેમની આત્મકથા લખવા તથા દોરવણી આપવામાં અને આ સાહસમાં ઈશ્વરની સતતની દોરવણી પૂરી પાડવા માટે.

**૧૦ નવેમ્બર :** સર્વ દેશોમાં એકતા અને શાંતિ માટે.

**૧૧ નવેમ્બર :** દુનિયાભરના સર્વ લોકોની સલામતી અને ભલા માટે.

**૧૨ નવેમ્બર :** ભારતના વણખેડાયેલા જૂથો સુધી પહોંચવામાં સહાય કરવા માટે.

**૧૩ નવેમ્બર :** અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબની સારી તંદુરસ્તી માટે.

**૧૪ નવેમ્બર :** વિશ્વભરમાંની બાળ તસ્કરીની નાબૂદી માટે.

**૧૫ નવેમ્બર :** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને મંડળીઓ પર આશીર્વાદ અને સલામતી માટે.

**૧૬ નવેમ્બર :** **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ના સર્વ કર્મચારીઓની સલામતી માટે; અને સારી તંદુરસ્તી માટે.

**૧૭ નવેમ્બર :** કોવિડ પ્રકારો, જેવા કે ઓમીક્રોન અને BA. 2.86ના ફેલાવાને રોકવાના પગલા માટે.

**૧૮ નવેમ્બર :** સર્વ ખ્રિસ્તી મિનિસ્ટ્રીજમાં પરાક્રમી ચમત્કારો, અજાયબીઓ અને ચિન્હો થાય તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

કરતો હતો, ત્યારે પિતરે તેની સામે એકી નજરે જોયું, તેના પર પોતાની નજર રાખતા અને કહ્યું, "અમારી તરફ જો." પિતરે શા માટે તેની તરફ એકી નજરે જોયું હતું? એવું લાગતું નથી કે ટોમ સામાન્ય રીતે પિતર તથા યોહાન પાસેથી કંઈ માંગી રહ્યો હતો. તે એક સાધારણ વિનંતી હતી જે તે પાસે જતા દરેક જણને કરતો હતો. તોપણ, પિતર ઈચ્છતો હતો કે ટોમ તેની સામે સંપૂર્ણ ધ્યાન આપે, કારણ કે પિતર જાણતો હતો કે તેઓ બન્નેના જીવનોમાં કંઈક થવા જઈ રહ્યું હતું. તે તેના વિશ્વાસને કાર્યમાં મૂકવા જઈ રહ્યો હતો. તેથી, તેણે તેના સંપૂર્ણ ધ્યાનની માગણી કરી હતી.

જ્યારે પવિત્ર આત્મા આવે છે, ત્યારે તે આપણને આપણા પ્રભુને માટે અસાધારણ મોટા કામો કરવાનું સામર્થ્ય આપે છે. તેમના વિશ્વાસે કાર્ય કરવાનું શરૂ કર્યુ હતું. તે કાર્યમાં વિશ્વાસ હતો. ઈશ્વર ઈચ્છે છે કે આપણો વિશ્વાસ અસાધારણ વિશ્વાસ બની રહે.

**૧. અસાધારણ વિશ્વાસ માટે અસાધારણ દર્શનની જરૂર–જે દશ્ય છે તેની પાર જોવા માટે સામર્થ્યવાન થવા.**

પિતરે ટોમની શારીરીક સ્થિતિની પાર જોયું. તે શારીરીક રીતે અપંગ માણસ હોત, એક ભીખ માંગનારો, કોઈ પણ નાણાકીય સ્થિતિ વગરનો, અને તેની રોજની જરૂરીયાતો માટે કોઈક પર તેને આધાર રાખવો પડતો હતો. પિતર તેને થોડા સિક્કા આપી શક્યો હોત અને પ્રભુનું ભજન કરવા જઈ શક્યો હોત, પણ તેણે પાછળ થોભવાનું નક્કી કર્યુ અને આ માણસ સાથે થોડો સમય ગાળ્યો. પિતર કદાચ મંદિરમાં જવા માટે ઉતાવળમાં હશે પણ તેણે આ માણસ માટે તેનો સમય લીધો. શું આપણી પાસે આપણી આસપાસના લોકો માટે સમય છે કે શું આપણે આપણું પોતાનું કામ કરતા આજુબાજુ દોડવામાં વ્યસ્ત રહીએ છીએ? આપણામાંનાં કેટલાક આપણા વ્યક્તિગત, ધંધાકીય અને આત્મિક જીવનો પર એટલું ધ્યાન આપીએ છીએ કે આપણે આપણી આસપાસના બીજાઓની જરૂરીયાતોને તરત જોવામાં નિષ્ફળ જઈએ છીએ.

અહીં આપણે જોઈએ છીએ કે પિતર થોભ્યો હતો! એક માણસ માટે મંદિરમાં અંદર જવાથી. મને લાગે છે કે તે તેના માલિક પાસેથી આ શીખ્યો હશે - એક માણસ માટે થોભવું!

ઈસુ ગુલ્લરઝાડની ઉપર બેઠેલા એક માણસ માટે થોભ્યા હતા. ઈસુ એક સ્ત્રી માટે થોભ્યા હતા, જેને ૧૨ વર્ષથી લોહીવા હતો. તેઓ એક સ્ત્રીને મળવા દૂર કુવા સુધી ગયા હતા. તેઓ દકાપોલીસમાં એક માનસિક રીતે પીડાતા માણસને મળવા તોફાનને પાર કરીને ગયા હતા. તેથી પિતર એક માણસના મહત્વને ચોક્કસ જાણતો હોવો જોઈએ. આવો આપણે આપણી જાતે આપણુ પોતાનું વિશ્લેષણ કરીએ. તે ક્યારે હતું કે આપણે છેલ્લે કોઈક માટે તેમને પ્રેમ, કાળજી અને ધ્યાન આપવા થોભ્યા હશું?

પિતર માણસની શારીરીક જરૂરીયાતની આગળ પેલી પાર જોઈ શકવા સમર્થ હતો, તેના આત્મિક છૂટકારાની જરૂરીયાત માટે. તેણે કહ્યું, "અમારી તરફ જો." તેણે તેનામાં ઊંડાણથી જોયું. શું આપણે લોકોની શારીરીક પરિસ્થિતિઓથી આગળ પેલી પાર જોઈ શકીએ છીએ? આપણે નક્કી કરીએ કે કોને ઈસુની જરૂર છે અને કોને નથી. આપણે ઘણી વખત વાક્યો સાંભળીએ છીએ જેવા કે, "તે સાંભળશે નહિ" અથવા "તેની સાથે કોણ બોલે?"; જ્યારે આપણે સાક્ષી વહેંચવાનું પસંદ કરવાનું થાય, ત્યારે પણ આપણે પસંદગીયુક્ત બની જઈએ છીએ. આપણે બહારના દેખાવ પરથી નક્કી કરીએ છીએ કે તે વ્યક્તિને ઈસુની જરૂર છે કે નહિ.

જો આપણે આપણા અસાધારણ વિશ્વાસનો ઉપયોગ કરવા ઈચ્છીએ છીએ, તો આપણને અસાધારણ દર્શનને જોવાની શરૂઆત કરવાની જરૂર છે. આપણી નરી આંખે જોઈ શકાય તેનાથી આગળ.

ન તો ટોમ કોઈ ચમત્કારની અપેક્ષા રાખતો હતો, ન તો પિતરે કોઈ સાજાપણાની સેવાની યોજના કરી હતી; તે તેમ થયું જ્યારે તેમણે તેમના અસાધારણ વિશ્વાસનો ઉપયોગ કરવા ઈચ્છા રાખી હતી. શું તમે તમારા અસાધારણ વિશ્વાસનો ઉપયોગ અસાધારણ વિશ્વાસમાં કરવા ઈચ્છો છો અને કાર્યમાં વિશ્વાસ મૂકવા ચાહો છો?

આપણી આંખોંને ઉંડાણથી જોવા સ્થિર કરવી. તે ક્યારે છેલ્લે હતું કે જ્યારે તમે તમારી

(આગળ પાન ૮ પર...)


## નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA**
**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો**
**દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

ATA — Regd. Candidate for Membership — NEHEMIAH BIBLE COLLEGE — CHENNAI — ECHO OF HIS CALL — Estd.: 1969

Diploma in Ministry : One year
Diploma in Theology : Two years
Bachelor of Theology : Three years

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**
**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### યહોવા પ્રભુ જેમણે તેમના વચનો પ્રમાણે કર્યું!

### તારી વિરૂદ્ધ વાપરવા સારું ઘડેલું કોઈ પણ હથિયાર સાર્થક થશે નહિં (યશાયા ૫૪.૧૭)

### THE LORD WHO KEEPS HIS PROMISES!

ઈશ્વરે મને ૧૯૬૯માં તેમની ભવ્ય મિનિસ્ટ્રી ચલાવવા બોલાવ્યો હતો. ફરીથી ૧૯૭૧માં, તેમણે તેમના વચનો દ્વારા મને ઉત્તેજન આપ્યુ જે યર્મિયા ૫૧:૨૦-૨૩માં મળે છે.

**તું મારી ફરશી તથા યુદ્ધશસ્ત્રો છે, તારા વડે હું સર્વ પ્રજાઓનું ખંડન કરીશ, અને તારા વડે હું રાજ્યોનો નાશ કરીશ.**

**હું તારા વડે ઘોડાનું તથા તેના પર બેસનારનું ખંડન કરીશ, તારા વડે હું રથ તથા તેમાં બેસનારનું ખંડન કરીશ.**

**હું તારા વડે પુરૂષ તથા સ્ત્રીનું ખંડન કરીશ, તારા વડે હું ઘરડાનું તથા જુવાનનું ખંડન કરીશ, તારા વડે હું છોકરાનું તથા કન્યાનું ખંડન કરીશ.**

**અને હું તારા વડે ઘેટાપાળક તથા તેના ટોળાનું ખંડન કરીશ, અને તારા વડે હું ખેડૂતનું તથા તેના બળદની જોડનું ખંડન કરીશ, તારા વડે હું અધિકારીઓ તથા નાયબ અધિકારીઓનું ખંડન કરીશ.**

દરેક વચન તમને આ વાક્યમાં મળશે, જે મારી મિનિસ્ટ્રી માટે સાચું થયુ છે. **ઈકો ઓફ હીઝ કોલ** આ બધા વિસ્તારોને સામેલ કરે છે અને અત્યારે દરેક વિસ્તાર એક અલગ મિનિસ્ટ્રી તરીકે કાર્યરત છે. આપણા પ્રભુ તેમના વચનોમાં વિશ્વાસપાત્ર છે.

આવો આપણે વચનોની પરિપૂર્ણતા જોઈએ. "**તુ મારી ફરસી તથા યુદ્ધશસ્ત્રો છે, તારા વડે હું સર્વ પ્રજાઓનું ખંડન કરીશ, અને તારા વડે હું રાજ્યોનો નાશ કરીશ, તારા વડે હું અધિકારીઓ તથા નાયબ અધિકારીઓનું ખંડન કરીશ.**" (વચનો ૨૦ અને ૨૩)

જ્યારે હું સરકારી સેવામાં હતો, સરકારી મકાનો સરકારી અધિકારીઓને ફાળવવામાં આવતા હતા, ચેન્નાઈ બીચ પાસે, તેમાં મારે ૧૯૮૦ દરમિયાન રહેવું પડયુ હતું.

તે સમયે, મેં એક સભાખંડ ઉપલે માળે ભાડે લીધો હતો, તે વિસ્તારમાં રહેતા સરકારી અધિકારીઓને સુવાર્તાનો ઉપદેશ આપવા માટે. ઘણા મોટા અધિકારીઓ સ્પર્શ પામ્યા ઈશ્વર દ્વારા અને તેઓએ તેમના આત્મા અને શરીરમાં ઘણા આશીર્વાદ મેળવ્યા.

જ્યારે મને તક હતી, હું બહાર ખુલ્લી જગ્યાઓમાં સભાઓ ભરતો હતો. જે લોકો મને સાંભળવાની ઈચ્છા રાખતા ન હતા, તેઓ બીજાઓને ઉશ્કેરાવતા હતા મારા કાર્યમાં વિક્ષેપ લાવવા. તેઓ દૂર ઊભા રહેતા અને બૂમો પાડતા મને ઘબરાવવા માટે. તેઓ મારી આજુબાજુ ગોળાકારમાં ઊભા રહેતા જ્યારે લોકો મારી સભાઓમાં આવતા હતા ત્યારે. તેઓ દ્વિચક્રી વાહનો પર આવતા તેમના હાથમાં હથિયારો લઈને અને મને તે બતાવતા. કેટલીક વખતે, મારા પર શારીરીક હુમલાઓ પણ થયા હતા અને તે રીતે મને ઘબરાવવામાં આવતો હતો. તેઓ એ માણસને પણ મળ્યા કે જેણે તે સભાખંડ મને ભાડે આપ્યો હતો અને તે મકાનમાલિકને કહયું હતું કે મને હવે પછી તે સભાખંડ ભાડે આપવો નહિ.

ઘણા દિવસો પસાર થઈ ગયા. પણ પ્રભુએ ક્યારે પણ છોડી દીધા નહિ અને મારો દરજ્જો વધારતા ગયા. ઈશ્વરના મહાન હાથો હમેશાં મારી સાથે હતા. મેં ઈશ્વર આગળ વિનંતિ કરી હતી તે લોકોને માફ કરવા અને તારણ પમાડવાં, જેઓએ મારી વિરૂદ્ધ કામ કર્યુ હતુ. પણ હું તેઓમાંના ઘણાને મળી શક્યો નહિ. હું તેમનામાંના કેટલાકને મળ્યો હતો. એ સાચું છે કે ઈશ્વર ખરોખર તેમને મળ્યા અને તેમને તેમનું તારણ પમાડયું હતું.

"**અનુભવ કરો અને જુઓ કે યહોવા ઊત્તમ છે, જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.**" (ગીતશાસ્ત્ર ૩૪:૮)

*******

(પાન ૬ પરથી આગળ...)

આપપાસના લોકો તરફ ઊંડાણથી જોયું હતું - તમારી મંડળીના સભ્યો - તેઓ કોણ છે, તેઓ ક્યાંથી આવે છે - તેઓ કેવા દેખાય છે, તેનાથી આગળ વધુ ઊંડાણથી જોવા માટે થોડો સમય લો!

બાર્નાબાસે શાઉલમાં તથા યોહાન માર્કમાં કંઈક ઊંડું જોયું હતું. ઈશ્વર આપણને લોકોને તેમના શારીરીક બાહ્ય દેખાવથી આગળ વધુ જોવાનું દર્શન આપો અને તેમની આત્મિક જરૂરીયાતોને જોવા માટે.

### ૨. અસાધારણ વિશ્વાસ અસાધારણ હિમ્મત ઉત્પન્ન કરે છે!

આપણમાંના મોટાભાગના લોકો સલામત રહેવાનું પસંદ કરીએ છીએ અને આપણા રોજિંદા વ્યવહારોને પકડી રાખવાનું પસંદ કરીએ છીએ, આપણા સગવડતા ભર્યા ક્ષેત્રમાં રહીને. ખાસ કરીને જ્યારે આપણે વૃધ્ધ થઈએ છીએ ત્યારે આપણમાંના કેટલાક ઓછુ જોખમ લેનારા બનીએ છીએ અને હું મારી જાતને પણ તેમાં સામેલ કરું છું. હું ઘણી વિચિત્ર અને સાહસી પ્રવૃતિઓમાં રહેતી હતી, જેવી કે ડરામણી સવારીઓ અને ચકડોળોમાં અનપેક્ષિત રીતે આનંદ લેતા. જો કે, સમય જતા, મારો જોવાનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો હતો. મેં સવાલો કરવાની શરૂઆત કરી કે મારે શા માટે બીનજરૂરી જોખમો લેવા જોઈએ અને શું થશે, જો કંઈક ખોટું થાય તો. મારી જેમ, આપણામાંના ઘણા લોકો સલામત રીતે રહેવાનું પસંદ કરે છે.

પિતર તે માણસની સરળતાથી ઉપેક્ષા કરી શક્યો હોત કે, યોહાન સાથે વ્યસ્તતા બતાવતા બોલતા બોલતા ચાલી જઈ શક્યો

હોત, જેમ આપણામાંના ઘણા કરે છે, જ્યારે આપણી પાસે છૂટા પૈસા હોતા નથી. પણ તેણે, નીડર પગલું લીધું અને કહ્યું, કે, ''સોનરૂપું તો મારી પાસે નથી, પણ મારી પાસે જે છે તે હું તને આપું છું.''

આ ફક્ત નીડરતાપૂર્વકનું કાર્ય જ નહતું, પણ તે અસાધારણ હતું. પિતર તે માણસમાં તેનો વિશ્વાસ મૂકી રહ્યો હતો. આ પ્રસંગ એવો જ છે જેમ પ્રેરિતોનાં કૃત્યો ૧૪:૮-૧૯માં બતાવ્યું છે, જ્યાં પાઉલ પાંગળા માણસને સાજો કરે છે. જો કે, ફરક એ છે કે પાઉલે જે માણસને સાજા કર્યો હતો, તેનામાં સાજા થવા માટેનો વિશ્વાસ હતો, જ્યારે બાઈબલ કોઈ નોંધ કરતું નથી કે પિતરે જે માણસને સાજો કર્યો હતો, તેનામાં સાજા થવા માટેનો વિશ્વાસ હતો કે નહિ. તેમ છતાં, પિતર તથા યોહાને નીડરતાથી આ માણસના જીવન પર તેમનો વિશ્વાસ મૂક્યો હતો.

ઈશ્વરે આપણી આસપાસના લોકોના જીવનોમાં વિશ્વાસ મૂકવા આપણને તેડ્યા છે. શું આપણે વિશ્વાસ મૂકીએ છીએ? મોટા ભાગના સમયે, આપણે એવા લોકો સાથે આપણો વિશ્વાસ વહેંચવામાં આનંદ લઈએ છીએ, જેમની પાસે પહેલેથી જ વિશ્વાસ હોય છે, પણ જ્યારે અન્ય ધર્મના લોકો અથવા જેમનામાં બિલકુલ વિશ્વાસ નથી, તેઓને આપણો વિશ્વાસ આપવાની વાત આવે છે, ત્યારે આપણે અચકાઈ જઈએ છીએ.

વહાલા મિત્રો, આ સમય છે કે આપણે આપણી આસપાસના લોકોના જીવનોમાં વિશ્વાસ મૂકીએ. આવો આપણે આપણો સમય કોઈકના જીવનમાં વિશ્વાસ મૂકવામાં લગાવીએ.

પિતરને તેનો દૃઢ વિશ્વાસ વાપરવાની હિમ્મત હતી. તેણે એક ક્ષણ માટે પણ શંકા ન કરી કે જો તે માણસ સાજો ન થાય, તો શું થશે. પિતરે આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, ઊઠીને ચાલતો થા.'' તે માણસ પિતરના આ આદેશને સમજી શક્યો નહિ હોય. કેમ કે બીજી કલમમાં પિતર તેનો જમણો હાથ પકડીને તેને ઊઠાડે છે. ત્યારે તે માણસને સમજાય છે કે તે ખરેખર ઊભો થઈ શકે છે અને ચાલી શકે છે.

આજે, ત્યાં લોકો રાહ જોઈ રહ્યા છે કે આપણે તેમને ઉઠાવીએ, તેમના જમણા હાથને પકડીને. તેઓ ઈશ્વરની હજૂરમાં આવવા ઘણા પાસે છે. પણ તેઓ હજુ પણ દરવાજાની બહાર ઊભા છે. તેને માટે અસાધારણ હિમ્મતની જરૂર છે.



*ઈસુ ખ્રિસ્તના નામનાં સાજાપણું*

પિતર તથા યોહાન ટોમને લીધે અવરોધાયા નહોતા, પણ તેને બદલે તેનામાં એવું જોયું કે તે કંઈક એવો છે જે સામર્થ્ય સાથે સુવાર્તાનો પ્રચાર કરી શકે છે, ઈશ્વરના સામર્થ્યને દેખાડતા.

તે મહત્વનું છે કે ખ્રિસ્તીઓ માટે તેમના વિશ્વાસમાં ચાલવામાં પોતાની જાતને અલગ ન રાખવી. જ્યારે તે સારું છે ઈશ્વરની સાથે શાંત સમય ગાળવાનો, ત્યારે તે એ પણ મહત્વનું છે સમય, પ્રયાસ અને સંસાધનો બીજાઓના પર વાપરવા. તમારી આસપાસના લોકોના જીવનોમાં અને જેઓ તમારા માર્ગમાં આવે છે, તેઓની સાથે અસાધારણ હિમ્મતથી વાત કરો. સલામત રીતે દૂર ન રહો!

## ૩. અસાધારણ વિશ્વાસ અસાધારણ પડકારો લાવે છે છે!

જ્યારે આપણો વિશ્વાસ દ્રઢ હોય છે, તે અસાધારણ વિશ્વાસને દોરે છે, જે આગળ અસાધારણ પડકારો લાવે છે. ખ્રિસ્તી માર્ગ અસંખ્ય પડકારોથી ભરેલો છે અને બાઈબલમાં ક્યાંય પણ દાવો કરાયો નથી કે તે ગુલાબોથી ભરેલો માર્ગ છે. આપણે ચોક્કસ આપણો નકાર કરવો જોઈએ અને આપણો વધસ્તંભ ઊંચકીને ચાલવું જોઈએ.

જીવન બદલી નાખનાર ચમત્કારના અનુભવ પછી, પિતરે કે યોહાને ઉજવણી કરી ન હતી કે તેમનું સન્માન કરાયું નહતું. પણ તેને બદલે, તેઓને બંદીખાનામાં પૂરવામાં આવ્યા હતા. મારા વહાલા મિત્રો, આપણા જીવનોને માટેના ઈશ્વરના આશયયુક્ત હેતુને અવરોધવા માટે શેતાન શક્ય હોય તેટલા અવરોધો લાવશે. તેમ છતાં, કોઈ પણ માણસની શક્તિ કે નરક આપણા માટેની ઈશ્વરની દૈવી યોજનાને અટકાવી શકતા નથી.

પિતર તથા યોહાનને બંદીખાનામાં પૂરવામાં આવ્યા હતા. તેમને સખત ધમકી આપવામાં આવી હતી અને ફરીથી ઈસુનું નામ લેવું નહિ એવી આજ્ઞા આપવામાં આવી હતી, પણ તેમને કંઈપણ રોકી શક્યું નહતું.

મારા વહાલા મિત્રો, અસાધારણ સમયો અસાધારણ બાબતોને તેડે છે. જ્યારે આપણે આપણો વિશ્વાસ વાપરીએ છીએ અને તે કૃતિમાં મૂકીએ છીએ, ત્યારે આપણે કદાચ વધુ મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરી શકીએ છીએ. પણ આપણે આપણા વિશ્વાસને પકડી રાખવો જોઈએ. આપણો બદલો આકાશમાં છે, તેથી આપણે આપણા તેડા પ્રત્યે વિશ્વાસુ રહેવું જોઈએ. આપણે પાછા પગલા લેવા માટે પાછળ વળીને જોવું ન જોઈએ અને આગળ વધતા રહેવું જોઈએ.

પ્રેરિતોનાં કૃત્યો ૧૪:૨૨ આપણને યાદ અપાવે છે કે, **આપણને ઘણા સંકટમાં થઈને દેવના રાજ્યમાં જવુ પડશે, આપણે ઘણા પરીક્ષણોનો, સતાવણીનો સામનો કરીશું, અને આ સમયો દરમિયાન, આપણે આપણા મનોને દઢ કરવાની અને વિશ્વાસમાં ટકી રહેવાની જરૂર છે.**

ગીતશાસ્ત્ર ૩૪:૧૯ કહે છે, **''ન્યાયી માણસને માથે ઘણાં દુઃખ આવે છે; પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે.''**

ધાર્મિક જીવન જીવવાથી આપણને સહન કરવામાંથી છૂટ આપવામાં આવતી નથી. સમગ્ર ઈતિહાસ દરમિયાન, વિશ્વાસ ધરાવતા પુરુષોએ અને સ્ત્રીઓએ સતાવણીઓ અને મુશ્કેલીઓનો અનુભવ કર્યો છે. મુશ્કેલીઓ એ કોઈ પણ ખ્રિસ્તી કે બીનખ્રિસ્તીના, દેવળમાં કે મંડળીમાં જનારા કે ન જનારા, દરેકના જીવનનો ભાગ છે. પણ તેનો અર્થ એ નથી કે તમે ખરાબ કે દુષ્ટ વ્યક્તિ છો. જો કે ફરક એ હકીકતમાં સમાયેલો છે કે જ્યારે ઈશ્વરનું બાળક પરિક્ષણનો અનુભવ કરે છે ત્યારે આપણે ખાતરી રાખી શકીએ છીએ કે ઈશ્વર તેનાથી વાકેફ છે અને તે એ છે કે આપણે તેમના હાથોમાં સુરક્ષિત છીએ.

ભલે તમારી પરિસ્થિતિ કેવી પણ નિરાશાજનક હોય, તો પણ તમે એકલા નથી. ઈશ્વર તમારી કાળજી લે છે અને તમારા સંઘર્ષોની મધ્યે તેઓ તમારી સાથે છે. આજે જ તમારા અસાધારણ વિશ્વાસનો ઉપયોગ કરો.

**NEED LIBRARY BOOKS**

We need Tamil, English and Hindi books for our Libraries at **St. Paul's Matriculation School and Nehemiah Bible Colleges.** If you have new or old books in good condition and if you are willing to donate, kindly communicate with us.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## URGENT

We need about 1000 Hindi Christian Books for our Nehemiah Bible Colleges. Please inform us the possibility of procuring the theological Hindi books.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th OCTOBER 2023**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**